GJVD150001482025

Presented on : 08-01-2025

Registered on : 08-01-2025

Decided on : 02-09-2025

Duration : 0 years, 7 months, 25 days

`

**મે. મજુર અદાલત, વડોદરા ખાતેના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ.**

**રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૨૭/૨૦૨૫**

**આંક: ૦૭**

**પ્રથમ પક્ષકાર :** મારૂતિ ઈલેકટ્રીકલ્સ
પી–૨૭, સ્ટોપ એન્ડ શોપ પ્લાઝા ઓફટે ટાવર સામે,
સર્કીટ હાઉસ અલકાપુરી વડોદરા.

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર :** રાજ રોહિતભાઈ રાણા
૨૩/૧૮૬૭ અયોધ્યા નગર, ગોકુળ નગર ગોત્રી રોડ,વડોદરા.

**હાજર રહયા :** પ્રથમ પક્ષકાર તરફે : વિ.વકીલશ્રી જીગ્નેશ એ.ચૌહાણ
બીજા પક્ષકાર તરફે : ગેરહાજર

**:: એવોર્ડ ::**

(૧) આ કામમાં બંને પક્ષકારો વચ્ચેના ઔધોગિક વિવાદ આઈ.ડી. એકટની કલમ–૧૦(૧) સી હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી વડોદરાના હુકમ ક્રમાંક : કે.એચ./એસ.એચ./એમ.સી./વ/એ.જે./

૨૩૭, તારીખ : ૦૬/૦૧/૨૦૨૫ થી બીજા પક્ષકાર શ્રમયોગીશ્રીને તેમના પડેલા દિવસોના પૂરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરીમાં મૂળ જગ્યાએ પુન: સ્થાપિત કરવા કે કેમ ? તે મુદ્દાના ન્યાયનિર્ણય અર્થે અત્રે રીફર કરવામાં આવેલ છે.

**(૨)** બીજા પક્ષકાર નાઓએ માંગણાનું નિવેદન કે કોઈ પુરાવો તેમને નોટીસ વારંવાર બજવા છતાં રજૂ કરેલ નથી તેમજ બીજા પક્ષકારને પૂરતી તકો આપવા છતાં તેઓ કોર્ટ રૂબરૂ હાજર રહેલ નથી.આમ, બીજા પક્ષકારે તેમના કેસની હકીકતોના સમર્થનમાં માંગણાનું નિવેદન રજૂ કરેલ ન હોય કે કોઈપણ પ્રકારનો પુરાવા પણ રજુ કરેલ ન હોય જે ધ્યાને લેતા એવી હકીકત ફલિત થાય છે કે તેમને પોતાનો કેસ ચલાવવામાં રસ નથી. આથી બીજાપક્ષકારની સતત ગેરહાજરી અને પુરાવાના અભાવે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુ ક મ ::</u>**

**(૧)** બીજાપક્ષકારનો રેફરન્સ પુરાવાના અભાવે આથી નામંજુર કરવામાં આવે છે.

**(૨)** ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(સંજયકુમાર સુમંતપ્રસાદ જાની )

તારીખ : ૦૨/૦૯ /૨૦૨૫ — જી.જે. ૦૧૧૮૭

સ્થળ : વડોદરા. — લેબર જજ (સીનીયર ડીવીઝન)

(પી.એમ.હાડા–સ્ટેનો) — લેબર કોર્ટ નં.૨,વડોદરા